# નવસર્જન

## ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવેલોપમેન્ટ

# જેન્ડર પોલીસી

જુના આરટીઓ પાસે રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૧

ફોન:-0261-2475683, 2472226

Email: navsarjansurat1986@gmail.com
Web: www.navsarjan-surat.org

નવસર્જન એક સામાજિક સંસ્થા છે. જે સમાજના પ્રશ્નો ઉપર કામ કરે છે. સંસ્થા દ્વારા જેતે વિષયોમા હસ્તક્ષેપ કરવામાં આવે છે. તેમાંનો એક વિષય જાતિ ભેદભાવ છે. સંસ્થા દ્વારા જ્યારે સમાજમાં થતાં જાતિ ભેદભાવને લગતા પ્રશ્નો દુર થઇ રહ્યા છે ત્યારે સંસ્થામાં કોઈ પણ સ્તરે જાતિ ભેદભાવ ન થાય તે જોવું જરૂરી છે. આ વિશ્વશનીયતાને જાળવી રાખવા અને વધુ મજબુત કરવા સંસ્થાના દરેક સ્તરે આ ભેદભાવ દુર કરવો આવશ્યક છે. એક સામાન્ય કાર્યકરને પણ સંસ્થા સારું અને ભેદભાવ વગરનું વાતાવરણ ઉભું કરી આપવા માટે સંસ્થા બંધાયેલી છે.  સંસ્થામાં જાતિ ભેદભાવને દુર કરવા બાબતે સમય- સમયે અનેક શિબિર તેમજ વક્તવ્યો ગોઠવવામાં આવે છે. આ શિબિરો અને વ્યક્તવ્યોને પરિણામે સંસ્થામાં જાતિ ભેદભાવને લઇ જરૂરી સમજણ ઉભી થઇ છે.

વર્તમાન જાતિ પોલીસી સંસ્થાના દરેક સ્તરે ન્યાય અને સંવેદનશીલતા ઉભી કરે છે. આ પોલિસીમાં સમયે-સમયે ફેરફાર પણ કરવમાં આવે છે.  અને તેને અમલમાં મુકવામાં આવે છે. પરતું અમુક કારણોસર જરૂરી પરિણામ મળી શક્યું નથી. આશા છે કે આ પોલીસી દ્વારા જરૂરી અમલીકરણ શક્ય બનશે. પ્રથમ વિભાગમાં સંસ્થાના ઈતિહાસ અને અન્ય બાબતો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. બીજા વિભાગમાં જાતિ અંગે સમજ અને સંસ્થામાં તેના અમલીકરણ અંગે જણાવેલ છે. જયારે ત્રીજા અને ચોથા વિભાગમાં વર્તમાન પોલીસી અંગે જણાવેલ છે.

જાતિ અંગે આ પોલીસીમા સંસ્થાના અન્ય પાસાઓ જેવાકે કાર્યપધ્ધતિ, સત્તા, સ્થાન, જેવી બાબતો નો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

## I.
## સંસ્થાનો ઇતિહાસ

**નવસર્જનની સ્થાપના શહેરી ગરીબોની સક્ષમતા વધારી તેઓ પોતાના હક્ક માંગતા થાય અને પોતાના વિકાસ માટે પોતે જ સાચા અર્થમાં હક્કદાર બને.**

### મહિલાઓ સાથે કામ કરવાની શરૂઆત

સામાન્ય રીતે જ્યારે આપણે સમાજની વાત કરી છીએ. ત્યારે માત્ર પુરુષોનો જ સમાવેશ કરવામાં આવે છે. મધ્યકાલીન સમયમાં પણ આજ પરિસ્થિતિ હતી. ૧૯૮૯નાં સમયગાળામાં પણ

મહિલાઓનો સમાજ સુધારા અંગેના કાર્યોમા સમાવેશ કરવામાં આવતો ન હતો. આવી સંસ્થાઓમાં જો સ્ત્રી પુરુષ વચ્ચેનો આ મતભેદ દુર કરવો હશે. તો એ વાતની ચોખવટ કરવી જરૂરી બનશે કે સમાજ માત્ર પુરુષો દ્વારા નહી પરતું પુરુષ અને સ્ત્રી એમ બંને દ્વારા બને છે.

## જાતિ અંગેની સમજણ

સંસ્થાની જેન્ડર વિશેની જે સમજણ છે તે બતાવે છે કે આ એવું માળખું છે જેમાં આપણે દબાયેલા અથવા તો શોષિત હોઈએ છીએ. તેનો અર્થ આ માનવનિર્મિત અને હેતુપૂર્વક ઉભું કરાયેલું માળખું છે. આમા સત્તાની મારામારી છે. જેની અસર વિવિધ વિચારધારાઓમાં ઉભરી આવે છે. જેન્ડર પણ બીજા માળખાઓ જેવા કે જ્ઞાતિ, વર્ગ, ધર્મની જેમ જ દબાવવાનો પ્રયત્ન કરે છે. જેનાથી મહિલાઓ ઉપર બેવડો અથવા ત્રેવડો ભાર પડે છે.

સંસ્થા સ્વીકારે છે કે સ્ત્રી પુરુષ વચ્ચેની જે સામાજિક પ્રકિયા છે. તે ભેદભાવ ઉભા કરે છે. આ સંસ્થાની રણનીતિ છે કે શોષણ અથવા દબાણ કરતી વિચારધારા સામેના સવાલો વિરુદ્ધ સંસ્થાએ કામ કરવું જોઈએ.

II.

## વર્તમાન પોલિસી

પોલીસી મુખ્યત્વે પરિસ્થિતિ અને મુશ્કેલીઓ કે જે બદલવા કે સુધારાપાત્ર હોય તેનો સમાવેશ કરવામાં આવે છે. સંસ્થાની જાતિ પ્રમાણે પોલીસી મુખ્યત્વે જગ્યા, સ્થાન, પાત્ર, દરરજો, તેમજ સંસ્થાકીય જીવનના પુરુષ તેમજ મહિલા ઉપર અસરની વિગતોનો સમાવેશ થયેલ છે. આ પોલીસીમા સંસ્થાના જુદાં જુદાં વિભાગો તેમજ તેમના કાર્યોનો સમાવેશ થાય છે. જેમકે સત્તા, સંચાલન, નેતૃત્વ, નિણર્યબદ્ધતા તેમજ સંસ્થાકીય સંસ્કૃતિ.

### A).સત્તા

સંસ્થા દ્વારા દરેક સ્તરના કાર્ય સંબંધે જાતિ સમતુલા માટે ખાસ ધ્યાન આપવામાં આવે કે સત્તા કરનાર સમૂહમા પણ શક્ય બને ત્યાં સુધી મહિલા કાર્યકરનો સમાવેશ કરવામાં આવશે. આ મંડળ

દ્વારા જાત આવડત તેમજ સંસ્થાના જુદાજુદા કાર્યને યોગ્ય નેતાગીરી પૂરી પાડી શકે. તે બાબતે ખાસ ધ્યાનમાં લેવાશે.

આ બોર્ડમાં પણ જાતિ ગુણવત્તામા સુધારો કરવામાં આવેલ છે. ૧૧ સભ્યોના સમુહમાં ૨ મહિલા કાર્યકરોનો સમાવેશ થશે. આ મહિલાઓને સમાજમાં કામ કરવાનો લાંબા સમયનો બહોળો અનુભવ આવકાર્ય છે.

## B). સંચાલન

**આ સંગઠન તેની કામગીરીના તમામ સ્તરે જાતિઓ વચ્ચે યોગ્ય સંતુલન જાળવવા માટે પ્રયત્ન કરશે.**

- **અમલીકરણ**

ભરતી પ્રકિયામા જણાવ્યા પ્રમાણે તેમજ POST ૧૯૮૭ પ્રમાણે સંસ્થામાં મહિલા કાર્યકરોની સંખ્યા વધારે રાખવા માટે હમેશા પ્રયત્નશીલ રહેશે. સંસ્થા જાતિ સમાનતા જાળવવા અંગે ઘણાખરા સુધારા કરવામાં આવેલ છે. સંસ્થા જાતિ પ્રમાણે ગુણોત્તર ૨૨ પુરુષો એ ૧૪ મહિલાઓ છે. જેમાં વહીવટ કાર્યકરોનો સમાવેશ કરવામાં આવેલ નથી અલગ અલગ સ્તરે જાતિ પ્રમાણ પણ અલગ અલગ છે. જે નીચે પ્રમાણે છે.

| | **મહિલા** | **પુરુષ** | **કુલ** |
|---|---|---|---|
| ડાયરેક્ટર | | 1 | 1 |
| પ્રોગામ મેનેજર | | 1 | 1 |
| પ્રોગામ કોઓર્ડીનેટર | 1 | 1 | 2 |
| ફિલ્ડ કોઓર્ડીનેટર | 7 | 2 | 9 |
| ટીમ મેમ્બર | 5 | 5 | 10 |
| કુલ | | | 23 |
| વહીવટ સ્ટાફ | 2 | 2 | 4 |
| | | | 4 |
| કુલ | | | 27 |

- **ભરતી સમયે**

A. જો સંસ્થા એક પુરુષ કાર્યકરની શોધમાં હોય અને તેવા સમયે એક સરખી લાયકાત ધરાવતી મહિલા હોય તો સંસ્થાના જાતિ પ્રમાણ સમાન રાખવા માટેના ધ્યેય સિદ્ધ કરવા સંસ્થા મહિલા કાર્યકરની નીમણુંક કરવામાં આવશે.
B. જો સંસ્થાને બે એક સરખી લાયકાત ધરાવતી મહિલા કાર્યકરોની જરૂર હશે. તો આવા સમયે વિધવા, ત્યગતા, છૂટાછેડા લીધેલ બહેન, વગેરેની આર્થિક પરિસ્થિતિને આધારે અગ્રતા આપવામાં આવશે.

- **કાર્ય અને જવાબદારીની વહેચણી**

સંસ્થા દ્વારા કાર્યકરોને પોતાના કાર્યો અંગે. તદ ઉપરાંત જવાબદારી સોપતી વખતે સમાજમાં રહેલા રૂઢીચુસ્ત તેમજ સીમિત પ્રથાઓને તોડવા કે બદલવા માટે દર વખતે પ્રયત્નશીલ રાખવામાં આવશે. અને તે માટે જાતિ ભેદભાવ વગર કાર્યકરને કામ અને પ્રવૃત્તિની સોપણી કરવામાં આવશે.

- **અમલીકરણ**

i. નિર્ણય લેનાર મંડળ કે સંસ્થા વિસ્તૃત પ્રમાણમાં સ્ત્રી તેમજ પુરુષ સભ્યોની નીમણુંક કરી નમુનાસ્વરૂપ બનાવશે. વર્તમાન જગ્યા કે જ્યાં મહિલા કાર્યકરની નીમણુંક ના થયેલ હોય ત્યાં શક્ય તેટલી વધુ મહિલાઓને સમાવવાની બાબત પર ખાસ દયાન આપવામાં આવશે.
ii. નેતૃત્વ તેમજ નિર્ણય લેનાર મંડળમાં સ્ત્રી કાર્યકરોને સમાવવા સંસ્થા જાગૃત પ્રયત્નો કરશે. તેમજ તેમણે અન્ય હોદ્દાઓ ધારણ કરવા અને તેમાંથી અલગ થવા માટે હમેશા તક આપવામાં આવશે.
iii. સંસ્થાએ મહિલા કે પુરુષ કર્મચારીઓ માટે ફરજ કે જવાબદારીની વહેચણી સમયે કોઈ પણ પ્રકારની લૌકિક ધારણામા બંધાયેલા રહેવું જોઈએ નહી. મહિલા તેમજ પુરુષ બંને કર્મચારીને લૌકિક ધારણા વગર ફરજ તેમજ જવાબદારીની વહેચણી કરવામાં ખાસ પ્રયત્નશીલ રહેવું.

- **માતૃત્વ પ્રસુતિ અને  પિતૃત્વ રજા.**

મહિલાને બાળક ધારણા કરવાની ભૂમિકા પ્રત્યે સંસ્થા સવેદશીલ છે. સંસ્થા આ બાળકના જન્મ સમયગાળા દરમિયાન  તેના યોગ્ય ઉછેર માટેના પ્રયત્નોની કાળજી લેશે. જેથી મહિલા તેના જીવનના એ સમયગાળા દરમિયાન પોતાની શક્તિ તેમજ પરિસ્થિતિઓનો સામનો કરી શકે. સાથે-સાથે સંસ્થા એ પણ ધ્યાન રાખશે કે બાળક ધારણ કરવું અને તેની કાળજી લેવી એ માતાપિતાની બંનેની સંયુક્ત અને સરખી જવાબદારી છે.

**અમલીકરણ**

- મહિલા કાર્યકર તેની પ્રથમ બે પ્રસુતિ દરમિયાન સાડા ત્રણ માસની પ્રસુતિ રજા ચાલુ પગારે લઇ શકશે.
- મહિલા કાર્યકર કે જેઓ ધરાસ્તરની પ્રવૃત્તિ /જવાબદારી સંકળાયેલ છે તેઓ પ્રથમ બે પ્રસુતિ /બાળ જન્મ સુધીની એક વર્ષ કપાત પગારે રજા લઇ શકશે. આ રજાઓ બાળકના જન્મના બે વર્ષની અંદર ભોગવવાની રહેશે. ત્યાર પછી ની પ્રસુતિઓ માટેના નિયમ લાગુ પડશે નહી.
- દરેક પુરુષ કાર્યકર તેના પ્રથમ બે બાળકોના જન્મ સમયે ૧૦ દિવસની પિતૃત્વ રજા લઇ શકશે. આ રજા પ્રથમ બે બાળકોના જન્મના બે વર્ષની અંદર ભોગવવાની રહે છે.
- ધરાસીરના અમલીકરણમા સંકાયેલ મહિલા કાર્યકરને તેની પ્રસુતિ બાદના સમય તેના કામના પ્રકાર અને જવાબદારીમા છૂટછાટ આપવામાં આવશે. દા.ત. ઓછી મુસાફરી કરવી, ટેબલકામ, ઘરે રહી કરી શકે તેવું કામ આપવું.
- સ્ટાફના સભ્યો જેમના બાળકો નાના છે અને ઉછેર માટેની જવાબદારી અને સહયોગ ઈચ્છતા હોય. તેમના માટે બાળસંભાળ કેન્દ્રની સુવિધા ઉભી કરવામા અને તેના કામને સહજ બનવવા પ્રયત્ન કરવામાં આવશે.

➢ **આરોગ્ય**

જરૂરીયાત અને સન્માનની સાથે મહિલાઓના આરોગ્ય માટે પણ ખાસ પગલા લેવામાં આવશે.

**અમલીકરણ**

- ફિલ્ડમાં મહિલા કાર્યકરના આરોગ્યને ધ્યાનમાં લઇ તાલીમ કાર્યક્રમો / મીટીંગો/ ફિલ્ડ મુલાકાતમાં છૂટછાટ આપવામાં આવશે. (જેમકે માસિક ચક્ર દરમિયાન )
- ફિલ્ડમાં ઓફિસમાં કે અન્ય કોઈ માળખું ઉભું કરવાનું થાય અથવાતો ભાડે ખરીદવાનું થાય તો બિલ્ડીંગમાં સંડાસની વ્યવસ્થા ચોક્કસ હોય તેના પર ધ્યાન રાખવામાં આવશે.
- દરેક ઓફિસમાં પ્રાથમિક જરૂરીયાતોના  સાધનો રાખવા મા આવશે.(જેમકે ફસ્ટ એઇડ બોક્સમા સેનેટરી નેપકીન રાખવામાં આવશે. તેમજ સેનેટરી નેપકીનના નિકાલ માટેની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે.)
- બિલ્ડીંગમાં અને માળખાગત સુવિધાઓ મહિલાઓને ધ્યાનમાં રાખી કરવામાં આવશે. જેમકે ઉચાઇ લંબાઈ અને અન્ય કોઈ ખાસ જરૂરીયાત

➢ **લોન / ઋણ**

સંસ્થામાંથી લોન લેતા સમયે ખાસ કરી મહિલા કાર્યકરે મિલકત ઉભી કરવા લોન લે ત્યારે તે મિલકત મહિલાના નામે જ ઉભી કરવાની રહેશે.

- **મહિલા કાર્યકરની સુરક્ષા**

બાહ્ય વાતાવરણ મહિલાઓ પ્રત્યે સંવેદનશીલ / સુરક્ષિત નથી. મહિલાની સુરક્ષા સંસ્થા માટે જીવંત મુદ્દો રહેશે. સંસ્થાએ અપેક્ષા રાખે છે કે સ્ટાફના સભ્યો આ પરિબળને ધ્યાનમાં લે. મહિલાઓની સુરક્ષિતતા ભયમાં મુકાય તે અપેક્ષિત નથી. ( જેમકે રાત્રે મુસાફરી કરવી, ભયજનક વાતાવરણમા એકલા મુસાફરી કરવી વગેરે.) દુર્ભાગ્યે એવો કોઈ કિસ્સો બનેતો સંસ્થા તે મહિલાને ભાવનાત્મક અને માનસિક સહયોગ તેમજ સલાહ અને કાયદાકીય માર્ગદર્શન આપશે.

- **મહિલાઓની કામના સ્થળે જાતિય સતામણી**

સંસ્થા માને છે કે જાતીય સતામણી એ ગંભીર ગુનો છે. અને સંસ્થાના કામના નિયમો મુજબ નિયમનો અનાદર છે. જાતિય સતામણી એટલે કોઈપણ કાર્ય /વર્તન/ચિન્હ/નિશાની/ શારીરિક અથવા મૌખિક હિંસા જેના કારણે અપમાન, દુઃખ ,પીડા ,હલકું, પાડવું ,/ ધમકાવવું, કે હાસ્યસ્પદ અને અભદ્ર વ્યવહાર કરવો. જે સ્વીકાર્ય ન હોય માનનીય સર્વોચ્ચ અદાલતના આદેશ (વિશાખા વી રાજસ્થાન સરકાર ઓગષ્ટ ૧૯૯૭.)

જાતિય સતામણીમા સ્વીકાર્ય ન હોય તેવું વર્તન જેમકે

- શારીરિક સંપર્ક.
- જાતિય કલર માર્ક.
- પોનોગ્રાફી બતવવા.
- સ્વીકાર્ય ન હોય તેવું કોઈ પણ કામ શારીરિક મૌખિક જે જાતિય પ્રકારનું હોય જેમકે ગંદા જોક્સ કહેવા, કોઈ વ્યક્તિના શરીરના ભાગ સંકેત કરવા/આપવા/ખરાબ નજરે જોવું.

આવું વર્તન ગંભીર ગુનો બનશે. અને આવા કેસની ફરિયાદ મળતા સંસ્થા સમિતિનું ગઠન / રચના કરશે અને કેસની તપાસ હાથ ધરશે તેમજ દંડ પણ કરશે દરેક સમયે એ ધ્યાન રાખશે કે આવેલ ફરિયાદની ગુપ્તતા જળવાશે તથા ફરિયાદી/ સાક્ષી પર કોઈ દબાવ કે ધમકીઓ ન આવે.

**C) સંસ્થાની સંસ્કૃતિ**

**ભાષા**

- સંસ્થા જાહેર ફોરમતેમજ અંગત ફોરમમા સ્થાનિક ભાષાનો ઉપયોગ થાય તેવા પ્રયત્ન કરશે.

- મહિલાઓ અને પુરુષોનું સન્માનનું અનાદર કરે તેવી કોઈ ભાષા માન્ય રાખવામાં આવશે નહી / સહન કરવામાં આવશે નહી.

**જાતિ સંવેદનશીલતા**

- જાતિ સંવેદનશીલતા માટે સમયાંતરે જુદાજુદા પ્રયત્નો / પ્રયોગો હાથ ધરવામાં આવશે. જેમાં સંસ્થાના સભ્યો પારંપારિક સામાજીકરણની અસરોને ધ્યાનમાં રાખશે અને એક નવા સામાજીકરણ તરફ વળવા પ્રયત્નશીલ રહેશે.

**જાતિના મુદ્દા પર નિવારણ પદ્ધતિ**

- સંસ્થા સ્ટાફના એવા કોઈ પણ પગલાઓ કે જે જેન્ડર ન્યાયના મુલ્યો પગલાઓમાં બાંધછોડ કરે કે હાની પહોચાડે તેમજ બહાનાઓ બનાવી અસમાનતાઓ ઉભી કરે તેવું સાંખી નઈ લેવાય.
- આવા પગલાઓને કારણે અવિશ્વાસ શંકાઓ ઉભી કરે છે અને છેલ્લે સંસ્થાની સંસ્કૃતિ પર નકારાત્મક અસર ઉભી કરે છે. પરિણામે જેન્ડર અસમાનતા / ભેદભાવના સાચા કેસો આવા વાતાવરણમા ન્યાય નથી મેળવી શકતા. આવી પરિસ્થિતિમાં નિવારણ માટેનું એક તંત્ર / વ્યવસ્થા ઉભી થાય તે જરૂરી છે. આવા મુદ્દાઓ પર હેતુસર કામ કરે અને નિવારણ માટેની પ્રકિયાને સુસાધ્ય કરે.
- વ્યક્તિગત રીતે જેન્ડરનો અર્થ આંતરિક ગુણાંકોનું સમાધાન કરવું એ રીતે લઇ શકાશે નહી.

**ઘરેલું વાતાવરણમા અત્યાચાર / ભેદભાવ**

- સંસ્થામાં કાર્યરત પુરુષ સ્ટાફ ઘરેલું હિંસા આચરે દહેજની માંગણી કરે. અથવા સમર્થન આપે તેમજ પુત્રને  પ્રાધાન્ય આપી લિંગ ચકાસણી કરે તેવું ચલાવી લેવાશે નહી.
- પુરુષ સ્ટાફના પત્ની દ્વારા આવી કોઈ પણ પ્રકારની ફરિયાદ જેમકે ઘરેલું હિંસા (શારીરિક હિંસા, બળાત્કાર, લિંગ ચકાસણી, દહેજ, પુત્રને પ્રાધાન્ય ) નોધાવવામાં આવશે. તો આવી ફરિયાદ પર તપાસ કરવામાં આવશે. અને તે તપાસ દરમિયાન દોષિત જાહેર થશે તો યોગ્ય પગલાઓ અને કાયદાકીય પગલાઓ લેવામાં આવશે.
- સંસ્થામાં કાર્યરત મહિલા કાર્યકર કે જે ઘરેલું હિંસાનો ભોગ બની છે. તેને સંસ્થા દ્વારા ભાવનાત્મક સહયોગ આપવામાં આવશે. જો પીડિતા મહિલા ઇચ્છેતો સંસ્થા તેને આગળના પગલા લેવામાં તેમજ તેની જવાબદારીઓમાં વાટાઘાટ કરવામાં સહયોગ કરશે.

III.

**સમુદાય આધારિત સંસ્થાઓ**

નવસર્જનનું મિશન સામુદાયીક સંસ્થાઓ દ્વારા કામ કરવાનું છે. નવસર્જનની નીતિ અને અનુભવના અનુસંધાને બે સંસ્થાઓને પ્રોત્સાહિત કરી છે. જેમાં એક સંસ્થામા મિશ્ર સભ્ય પદ છે. જ્યાં મહિલાઓ દરેક સ્તરે પ્રતિનિધિત્વ ધરાવે છે. અને બીજી સંસ્થા ફક્ત મહિલાઓની જે બચત ધિરાણની સહકારી મંડળી છે. ત્યારબાદના કિસ્સાઓમાં મહિલાઓની પોતાની એક સ્વાયત સંસ્થા હોય છે. જ્યાં તમામ કામ મહિલાઓ દ્વારા જ કરવામાં આવે  અને તેમના કૌશલ્ય / આવડતો વિકસાવે અને તેમા પુરુષોની હાજરીની અડચણ ન હોય તેવો વિચાર મુકવામાં આવ્યો. મહિલાઓની બચત અને ધિરાણ સહકારી મંડળીની રચના કરવી એ કેન્દ્રની જેન્ડર દખલગીરીના ભાગની એક રણનીતિ રહી છે.

**A. )શાસન**

સમુદાય આધારિત સંસ્થાની વ્યવસ્થાપન સમિતિમા મહિલા અને પુરુષ બંનેનું સમાન પ્રતિનિધિત્વ રહે છે.

**B. )વ્યવસ્થાપન**

**સ્ટાફ**

કર્મચારીની ભરતી સમયે જો બે મહિલા સમાન સ્તરે આવતી હશે તો વધુ વંચિત સમુદાયની મહિલા જેમકે એકલ મહિલા, વિધવા , શારીરિક રીતે અશક્ત ત્યકતા મહિલાને પ્રાધન્ય આપવામાં આવશે.

- **માતૃત્વ /પ્રસુતિ રજા**

મહિલા કાર્યકર કે જેમને સંસ્થામાં જોડાયાને એક વર્ષ પૂર્ણ થયેલ હોય તે સાડા ત્રણ માસનીરજા લઇ શકશે પ્રથમ બે  પ્રસુતિ / જન્મ સુધીજ માન્ય રહેશે. ત્યાર બાદની પ્રસુતિ માતે તે માતૃત્વ રજા કપાત પગારે લઇ શકશે.

- **તાલીમ**

સી.બી.ઓના તમામ સ્ટાફની તેમજ સમુદાય સિરે તમામ લોકો (મહિલા અને પુરુષ માટે ) જેન્ડર સંવેદનશીલ કાર્યક્રમની જરૂર રહેશે.

- **ભૂમિકા અને જવાબદારીઓની વહેચણી**

જાહેર ફોરમમા મહિલા અને પુરુષની ભૂમિકા અને જવાબદારી જેન્ડરની ઉભી કરાયેલ છાપના આધારે કરવામાં આવેશે નહી. જેન્ડરની ઉભી કરાયેલ છાપને પડકારતા / વિપરીત ભુમીકા અને જવાબદારી પુરુષ અને મહિલા કાર્યકરને સોપવામાં આવેશે.

- **ભૂમિકા અને કાર્ય**

નવસર્જનની એક ટીમ ઉભી કરાશે જે જેન્ડરના દ્રષ્ટિકોણનું દરેક પ્રવૃતિમાં દેખરેખ રાખશે.

- **આરોગ્ય**

મહિલા કાર્યકરોના આરોગ્ય પર ખાસ ધ્યાન રાખવામાં આવશે સરકારી હોસ્પીટલમાં સમયાંતરે આરોગ્યની તપાસણી ફરજીયાત કરવાની રહે છે.

- **માળખાગત અને અન્ય સુવિધા**

સ્થાનિક સ્તરે મહિલાઓની જરૂરીયાતને ધ્યાનમાં રાખી માળખાગત સુવિધાઓ સુધારવામાં આવશે. અને સંડાસની વ્યવસ્થા ઉપર ખાસ ધ્યાન આપવામાં આવશે.

**C. )સંસ્થાની સંસ્કૃતિ**

- સંસ્થા કાર્યકરોના કોઇપણ એવા વર્તન કે પગલા જે જેન્ડરના મુદ્દે અસંવેદનશીલતા દર્શાવે તે ચલાવી લેવામાં આવશે નહી. વારંવાર આવું વર્તન કરનારને સંસ્થામાંથી છુટા કરવામાં આવશે.
- સંસ્થાની સંસ્કૃતિને યોગ્ય ન હોય તેવા વર્તન અથવા પગલા માટે જ્યારે સંસ્થાના કાર્યકર પર દંડાત્મક પગલાઓ લેવાય ત્યારે મહિલાઓનું (સ્ટાફ અથવા અન્યની ) મુલ્ય ઘટે અથવા હલકા પડે તેવું કોઇ પણ આચરણ ન હોય તે ધ્યાનમાં લેવાશે.
- સ્ટાફના સભ્યોએ દીકરીઓને શિક્ષણ સાથે જોડાવાની રહેશે. જો તેવું નહી કરવામાં આવે તો કાનૂની રીતે નોટીસ આપવામાં આવશે.

**અમે નીચે સહી કરનારે ઉપરોક્ત પોલીસી વાંચી છે, સમજી છે અને અમે આ પોલીસીનું પાલન કરવા સ્વૈચ્છિક રીતે તૈયાર છીએ.**

| ક્રમ | નામ | સહી |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

| | | |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

| | | |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

| | | |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

| | | |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |